# મા - ૧

મા, તારે જવું હતું એટલે તું ગઈ
તારે જવું હતું
એવું તો ક્યારનું નક્કી હતું
પણ લંબાતું જતું હતું
પણ, આખરે તું ગઈ -
તું ગઈ તો ખરી
પણ પાછળ
થોડા સવાલો મૂકતી ગઈ
અમારા માટે.
આમ તો સવાલો તને પણ થતાં હતાં
પણ તું ચૂપ રહેતી હતી
અને સહન કર્યે રાખતી હતી
તારાં ભાગે લખાયેલી વેદના...
અચાનક જ સ્વસ્થ શરીર
ઊધઈની જેમ ખવાતું જાય
એવી વેદના કોણે લખી
તારા કપાળે?
માથા પરથી ધીમે ધીમે વાળ ખરતા જાય તેમ
ખરતા જતા હતા તારાં શ્વાસો
હું વાંચી શકતો હતો તારી મૂંગી આંખો
સાંભળી શકતો હતો તારી મૂંગી ચીસો
આ બધું જ તારી સાથે શું કામ?
તું તો ગઈ
પણ તેં તારામાં રોપેલો સવાલ
વટવૃક્ષ બનીને ફેલાઈ રહ્યો છે
અને હું
નિરંતર મારી જાતને પૂછું છું,
આ બધું તારી સાથે શું કામ?

# મા - ૨

હૉસ્પિટલની બેડ ઉપર સફેદ ચાદર
પાથરી છે
એક પણ સળ ન પડે એની કાળજી રાખી છે,
ઓપરેશન થિયેટરમાંથી બહાર લવાયેલા
તારાં અર્ધજાગ્રત દેહને
કાળજીપૂર્વક બેડ ઉપર સુવડાવવામાં આવે છે
અને
ઊપસી આવે છે અસંખ્ય સળ
તારાં દેહ ઉપર.

# મા - ૩

હૉસ્પિટલના પલંગ પર
તારી બાજુમાંના પલંગ પર આડો પડ્યો છું
ને જોયા કરું છું તને
તારાં હાથમાં
તારાં નાકમાં
તારાં મોંઢામાં
તારાં... તારાં...
શરીરમાં વિવિધ જગ્યાએ
વિવિધ પ્રકારની નળીઓ
ખોસી છે...
કે તું હજી થોડા દિવસ વધુ...
તારાં શરીરમાં ખોસેલી
નળીઓમાંથી
જતા-આવતા
પ્રવાહીને જોતા - જોતા
ક્યારે આંખો બંધ થઈ
એની ખબર પણ ન પડી,
એ દિવસે આવ્યા ભગવાન, ફુરસદ મળી એટલે...

મારા સ્વપ્નમાં
એ દિવસે કંઈ વધારે પ્રસન્ન દેખાયા અને
મને વરદાન માગવા કહ્યું
અને મેં માગ્યું
તારું મોત,
'ધડામ્' દઈને બારણું ખોલીને
નર્સ રૂમમાં પ્રવેશી
હું જાગી ગયો
નર્સ તારા શરીરમાં ખોસેલી નળીઓ
એક પછી એક દૂર કરી રહી છે,
જતું-આવતું પ્રવાહી
સ્થિર થઈ ગયું છે.

# મા - ૪

કંઈ કેટલીયે વાર
જાકારો મળ્યો છે
તને -
એ દ્વારેથી
છતાં તું
દોડતી - હાંફતી
પહોંચી જાય છે
એ દ્વાર પર.
દ્વાર ખૂલે એની
રાહ જોતી
ક્યાંય સુધી
બેસી રહે છે!
પણ દ્વાર છે કે
ખૂલતાં જ નથી!
અને
એક વાર
ખૂલી ગયા દ્વાર
પળનોય વિલંબ
કર્યા વગર
તું અંદર પ્રવેશી...
અને જેવી તું પ્રવેશી
કે દ્વાર અલોપ
અને તું...?

- એતદ્ સપ્ટે.-૧૨